# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-04-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Voting awareness

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં સો ટકા મતદાનના સંકલ્પ સાથે મતદારોમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ સાથે ગાંધીનગરમાં બાઇક રેલી યોજાઇ હતી. ગાંધીનગરના રામકથા મેદાન પરથી રાજયના મુખ્ય ચુંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું જે વિવિધ માર્ગો પર ફરીને કલેકટર કચેરી ખાતે પૂર્ણ થઇ હતી. આ રેલીમાં જીલ્લા કલેકટર, નાયબ કલેકટર, જીલ્લા પોલસવડા, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પણ મતદાન અંગેના અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વધુમાં વધુ લોકો મતદાન કરે અને ખાસ કરીને યુવાનો મતદાન પર્વમાં ભાગ લે તેવા હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઠેર-ઠેર વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરાઇ રહ્યું છે. અમારા અમદાવાદના પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે ગઇકાલે અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં રમાયેલ આઇપીએલની મેચ જોવા આવેલા પ્રેક્ષકો માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે સ્ટેન્ડી, વિવિધ પોસ્ટર્સ અને બેનર મૂકવામાં આવ્યા હતા. મતદાન અંગે લોકોમાં અને ખાસ કરીને યુવાનોમાં જાગૃતિ લાવવાનો આ અનોખો પ્રયાસ હતો જે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

વધુમાં સ્ટેડિયમમાં ચાલી રહેલી મેચ દરમિયાન વિશાળ LED સ્ક્રીન પર પણ મતદાન જાગૃતિ અંગેનો મેસેજ અપાયો હતો.સ્ટેડિયમમાં ઉપસ્થિત યુવાનોથી લઈ તમામ લોકોએ ઉત્સાહભેર સ્ટેન્ડી, પોસ્ટર્સ અને બેનર સાથે ફોટો પડાવી અચૂક મતદાન કરીશું નો જુસ્સો દર્શાવ્યો હતો.

મહેસાણા જિલ્લા માં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મતદાન જાગૃતિમાં ખેડૂતો પણ યોજાયા હતા. અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, જીલ્લાના હરદેશન ગામ ખાતે પશુપાલકો અને ખેડૂત મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ગણપત યુનિર્વિસટી ખેરવા ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર માં મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજયો હતો. તો. ઊંઝા ની જી.એલ પટેલ હાઈસ્કૂલ ની વિધાર્થીનીઓમાં બુથ અવરનેશના કાર્યક્રમ યોજાયો હતો. વડનગર ની આંગણવાડીઓમાં મતદાન જાગૃતિ અંતર્ગત કિવઝ

સ્પર્ધા યોજાઈ હતી. આંગણવાડીના બાળકોને ચિત્ર, રંગોળી તેમજ વિવિધ રમતો દ્વારા ચૂંટણી પ્રક્રિયા અને મતદાન અંગેની સમજણ આપવામાં આવી હતી.

રાજકોટ જિલ્લામાં પણ "સ્વીપ" દ્વારા વિવિધ નવતર પ્રયાસો હાથ ધરી વિદ્યાર્થીઓ, યુવાનો, વડીલો સૌને મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. રાજકોટની પાર્થ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને અનોખી રીતે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા વિશે માહિતી આપવામાં આવી હતી. જે અંતર્ગત વિદ્યાર્થીઓ જ બી.એલ.ઓ., આર.ઓ, પોલિંગ ઓફિસરો, ઉમેદવાર અને મતદાતા બન્યા હતા. સમગ્ર મોક ચુંટણી પ્રક્રિયામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા.

## Unprecedented achievement in rail revenue

ભાવનગર રેલવે ડિવિઝનમાં નાણાંકીય વર્ષ 2023-24 દરમ્યાન, રેલવેની આવક 1 હજાર 268 કરોડથી વધુ થઇ છે. અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા પ્રમાણે ભાવનગર રેલ્વે ડિવિઝનમાં માલવાહક વાહનવ્યવહાર, પેસેન્જર પરિવહન સેવા અને અન્ય કોચિંગ આવક સહિત રેલવેની આવકમાં વધારો થયો છે. જે પાછલા નાણાકીય વર્ષ કરતાં 10.30% વધુ છે.

ભાવનગર મંડળે નાણાકીય વર્ષ 2023-24માં તમામ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

## weather

રાજયના તાપમાનમાં ઘટાડો થતાં લોકોને ગરમીથી આંશિક રાહત મળી છે. આજે રાજયનું મહત્તમ તાપમાન અમરેલીમાં 38.6 ડીગ્રી, જામનગરમાં 38.1, સુરેન્દ્રનગરમાં 37.8 ડીગ્રી નોંધાયું હતું. આ સાથે રાજયભરમાં તાપમાનમાં 3.6 ડીગ્રીનો સામાન્ય તફાવત જોવા મળ્યો છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમ્યાન, તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહીંવત રહેવાનું જણાવ્યું છે.

## Daman- Archery Tournament

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ખેલો ઇન્ડિયા એનટીપીસી સીટી ઓપન તીરંદાજી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારા દમણના પ્રતિનિધિ પ્રદીપ ભાવસારના જણાવ્યા મુજબ મોટી દમણ પરિયારી ક્રિકેટ મેદાનમાં આયોજિત આ પ્રતિયોગીતામાં દમણ-દીવ, દાદરા નગર હવેલી, ગુજરાત અને તમિલનાડુના 65થી વધુ તીરંદાજોએ ભાગ લીધો હતો. તેમાં કોચ દ્વારા તીરંદાજી વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

## District Level Young Talent Identification Programme

મહીસાગર જિલ્લા કક્ષા યંગ ટેલેન્ટ આઇડેન્ટિફિકેશનના ત્રિદિવસીય કાર્યક્રમની લુણાવાડા પી.એન.પંડયા કોલેજ ગ્રાઉન્ડ ખાતે શરુઆત કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની વિવિધ શારીરિક ક્ષમતાની ચકાસણી કરી તેમની રાજયકક્ષા માટે પસંદગી કરાશે. બાલાસિનોર, વિરપુર, ખાનપુર, સંતરામપુર, કડાણા અને લુણાવાડા એમ કુલ છ તાલુકાઓના પ્રાથમિક પસંદગી થયેલ ખેલાડીઓની શારીરિક ક્ષમતાની વિવિધ રીતે ચકાસણી થશે. મહીસાગર જિલ્લાના કુલ ૨ હજાર ૧૮૦ બાળકોના જિલ્લા કક્ષાના ટેસ્ટ લેવામાં આવશે અને ઉતીર્ણ થનાર ખેલાડીઓ રાજ્ય કક્ષાની કસોટી માટે પસંદગી પામશે.

## 12th Patotsav of Ramdevji Maharaj

પંચમહાલના હાલોલમાં આવેલ રામદેવજી મહારાજનો 12મો પાટોત્સવ મારવાડી સમાજ દ્વારા યોજાયો હતો. પાટોત્સવને અનુલક્ષીને હવન બાદ મહા આરતી યોજાઇ હતી. અને હાલોલ નગરમાં ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી. ત્યારબાદ મહાપ્રસાદીનુ આયોજન કરાયું હતું.